# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૮૨૫૧

## સલામી સવારની..

આવ્યા હતા શાંતિ માટે ને ઉદ્વેગ જગાડી ગયા!
વાતોમાં ઘાત કરી, વાતાવરણ બગાડી ગયા!
લગાડી જાય વાટ એવાને બોલાવો છો શું કામ?!
રહેમાન મલિક, જૂની રેકર્ડ, વગાડી ગયા!
(નિવેદનો ની વેદના)

## હાઈકુ

દાબેલો ગુસ્સો !?
છટકી જાણે સ્પ્રીંગ!
લોક 'મત' માં..
(વિપુલ મતદાન)

શિસ્ત-સૌમ્યમાં -
છે અભિનંદનીય -
ગુજ્જુ જનતા..
(શાંત-મતદાન)

## ચિંતન

યૌવનં જરયા ગ્રસ્તમારોગ્યં વ્યાધિભિર્હતમ્ ।
જીવિતં મૃત્યુરભ્યેતિ ભૃષ્ણૈકા નિરૂપ દ્રવાઃ ॥

'યૌવનને ઘડપણ (વૃધ્ધાવસ્થા) ગળી જાય છે, આરોગ્યને રોગો હણી નાખે છે, તેમજ આયુષ્ય ઉપર મૃત્યુ આક્રમણ કરે છે, એક જ મારી તૃષ્ણા - એવી છે કે જેને કોઇ ઉપદ્રવ નથી.'

આપણા યૌવન પર અભિમાન હોય છે. આપણી શક્તિ-બુધ્ધિ અને તરવરાટ પણ આપણે જાતે જ ન્યોછાવર હોઇએ છીએ. પોતાના નિર્ણયો જ સાચા બીજાંઓની સલાહ ખોટીની વિચાર-સમજ પર યૌવન પસાર થઇ જાય છે એમાં નમ્રતા-વિવેક કચડાઇ જાય છે.. અને આવા અભિમાનમાં યૌવનના વર્ષો વીતી જાય છે. ઘર-સંસાર-બાળકોની સમસ્યાઓમાં સલવાઇ જવાય છે.

યૌવનની મસ્તીમાં - ખાવા-પીવાની અનિયમિતતા અને 'હું તો ગમે તે - ગમે તેવું ખાઉં તો ય મને કાંઇ ન થાય' નુ મિથ્યાભિમાન - રોગોને આમંત્રણ પત્રિકા આપતી રહે છે. ચાલીસ-પીસ્તાળીસ વર્ષ પછી પસ્તાળ પડવાની શરૂ થાય છે અને દવાખાના - લેબોરેટરીઓ આપણાં 'મંદિર' થઇ જાય છે નિયમિત દર્શનાર્થે જવું પડે છે.

આમ, આયુષ્ય ક્ષણે ક્ષણે મૃત્યુના મુખ તરફ ડગલાં ભરતું રહે છે. આપણને એ વિકાસ-ઉન્નતિનો માર્ગ દેખાય છે, તે સીધું સીસીયુ સુધી લઇ જાય છે.

.. આમ છતાં આપણી ઉપેક્ષાઓ-ઇચ્છાઓ-તૃષ્ણાઓ-વાંછનાઓ-માગણીઓ તો જાણે આજે જ જન્મી હોય એવી તરવરાટ વાળી હોય છે અને કોઇ વાતનો ઉપદ્રવ-તકલીફ-ડર નથી. અમર-ચિરંજીવ છે મૃત્યુ પછી પણ ઘણાં આત્મા તો 'માગ - માગ' કરે છે.

## સુવિચાર

- 'આજે નહિ, આવતીકાલે ચોક્કસ' એ આળશુનું ગીત છે - **બેઇજ**
- જે કંઇ કાર્ય આજે ને અત્યારે જ થઇ શકે તો તે આવતીકાલ પર મુલત્વી ન જ રાખો - **ફ્રેંકલીન**
- 'કાલ' એ ગહન અંધકારમાં છુપાયેલી આપત્તિ જ છે - **એસ. ભટાચાર્ય**
- તમારી જાતને 'કાલ' પર આશ્રિત ન કરો આવતી કાલે તમારા માટે કેવી ઉગશે, કોને ખબર - **બાઇબલ**
- કાર્ય કર્યા વિના બેસી રહેવાથી મનમાં પાપી વિચારો આવે છે - **ઇબ્નેતૂર**
- અધુરૂં કાર્ય અને અપરાજિત શત્રુ એક તણખાં જેવા છે - **કીટસ્**
- કાર્ય કરતાં રહેવાથી જ જીવનને શક્તિ મળે છે - **રિચર**

## બોધ કથા

હમણાં તો વાત-વાતમાં નવજુવાન લોકો 'ટ્રેસ'માં આવી જાય. દબાણ-ટેન્શન-હતાશામાં આવી જવું એ પણ એક ફેશન થઇ ગઇ છે. મુશીબતો-હતાશા-નિષ્ફળતાનો સામનો કરવાની તાકાત નથી. માત્ર સલમાન જેવા 'મસલ્સ' બનાવે છે. અને 'આત્મહત્યા' તો જાણે યુવાનો માટે હથુકો ઉપાય! અરે! ગાંડા લોક પણ પોતાના ગાંડપણમાં ય આટલું તો સમજે છે કે 'આત્મ હત્યા' ન થાય! આ 'સત્ય ઘટના' યાદ રાખવા જેવી છે.

ડો. અનંત માંકડ વડોદરાની ગાંડાની હોસ્પીટલના ઇન્ચાર્જ હતા. એમની યુવાન પુત્રી દરરોજ બપોરે ડોકટર ને ટિફીન આપવા આવતી. એકવાર ગાંડાના આ દવાખાનામાં એક ફૂટડો-દેખાવડો-એક યુવાન કલાકાર કોઇ આઘાતને કારણે 'મગજ' ગુમાવી બેઠો અને સારવાર માટે આ દવાખાનામાં દાખલ થયો.

ડો.ની પુત્રીને એમાં રસ પડ્યો. દરરોજ થોડા-ઘણા તેને પ્રશ્નો પૂછતી. લાગણીસભર વાત્સલ્ય અને પ્રેમાળ આશ્વાસન આવતાં એ ગાંડા-કલાકારનો આઘાત સમવા લાગ્યો. બંને પ્રેમમાં પડી ગયાં.

ડો.ને ખબર પડી. પુત્રીને દવાખાને આવવાની મનાઇ ફરમાવી. પુત્રીએ લગ્નની હઠ કરી, આ બાજુ પેલાનું 'ગાંડપણ' વધવા માંડ્યું. માનસ શાસ્ત્રીએ પણ ડો. માંકડને નમતું જોખવા સલાહ આપી.

ડો. માંકડને આઘાત લાગ્યો અને રેલ્વેના પાટા પર સૂઇ ગયા. પેલા માનસશાસ્ત્રી બધા ગાંડાઓને લઇ ત્યાં પહોંચ્યા. ગાંડાઓ કહે, અમો 'ગાંડા' છીએ તો પણ કદી 'આત્મહત્યા' કરવાનું ગાંડપણ કરતા નથી, ડો.સાહેબ તમે તો ડાહ્યા છો, આવું કેમ વિચાર્યું?

- અને ડો. માંકડ પાછા ફર્યા. વાજતે-ગાજતે પુત્રીના લગ્ન પણ કરાવી દીધા. હોસ્પીટલના અર્ધા ગાંડા-ડાહ્યા થઇ ગયા..

# સરપંચ મંગળભાઇ આજે કથા સાંભળીને એટલા ખુશ થયા કે તેમણે પાંચસોની નોટ કાઢીને એકદમ મહારાજની પોથી ઉપર મુકી દીધી, પછી તો વાત જ શું કરવી, દાન કરનારાંઓની લાઇન લાગી ગઇ, પૈસા ચડાવવાની જાણે કે લોકોમાં હોડ લાગી ગઇ

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

શિવરામ મહારાજ જયારે જયારે કથા કરતા ત્યારે તેમાં વચ્ચે વચ્ચે એવા સરસ માર્મિક પ્રસંગ લઈ આવતા કે તેના કારણે સીદા સાદા શ્રોતાઓના ખિસ્સામાંથી પૈસા જાણે કે એની મેળે જ બહાર આવી જતા. સ્ત્રીઓ અને ભાવુક લોકો ખુલ્લા હાથે દાન આપતા. રાજા હરિશ્ચંદ્રની કથામાં જયારે રાણી તારામતી પોતાના પુત્ર રોહિતનો મૃતદેહ લઈ સ્મશાનમાં પહોંચે છે અને હરિશચંદ્ર તેની પાસે કર માંગે છે ત્યારે મહારાજ કથા અટકાવીને કહેતા 'ભક્તજનો! રાજા હરિશચંદ્ર ધર્મથી બધાયેલા છે. તે કર લીધા વિના મૃતદેહનો અગ્નિ સંસ્કાર કરવા નહીં દે. તમે જ કહો કે આવડા મોટા મહાનગરમાં બિચારી અબળા તારામતી કર ચુકવવા પૈસા કયાંથી લાવે? એ પણ ધર્મ સંકટમાં ફસાયો છે. ધર્મથી બંધાયેલ એક લાચાર બાપ અને ગરીબ કિન્તુ સતીત્વથી બંધાયેલ મજબૂર માં ને મદદ કરી તેમને મુક્ત કરાવવાનો સમય છે. આ સમયે આપવામાં આવતું દાન ખુબ પ્રભાવશાળી હોય છે. તેનું ફળ તાત્કાલિક અને હજારગણું થઈને મળે છે. આપણે છૂટા હાથે દાન કરી હરિશચંદ્રને આ સંકટમાંથી ઉગારવા જોઈએ. રૂપિયા પૈસા તો હાથને મેલ છે.' એક ચતુર વેપારી જે રીતે પોતાના માલની વિશેષતા બતાવી ગ્રાહકને પટાવે છે એવી જ પધ્ધતિ અહીં પણ છે પરંતુ તે ધર્મ સાથે જોડાયેલી છે.

ગત વર્ષો દરમિયાન તેમના ધંધામાં એક આફતો આવી. ગામડાંઓમાં ઘેર ઘેર ટેલિવિઝન આવી જતાં શ્રોતાઓમાં ઘટાડો થયો પરંતુ એક કાબેલ વેપારીની જેમ પોતાના યજમાનોના ઘેર ઘેર જઈને તેમનો સંપર્ક કરતી. તેમનાં ખબર અંતર પુછતા અને કથા સાંભળવા ન આવવા બદલ ટોણા દેતા. સાથે સાથે એ કહેવાનું કયારેય ભુલતાં નહીં કે 'ખરેખર તેમાં તમારો કંઈ વાંક નથી. કલયુગની બધી માયા છે. તેનો પ્રભાવ છે જે ભગવાનનું નામ લેતાં માનવને રોકે છે. કોઈ કોષિશ કરે છે તો તેમાં પણ હજારો વિઘ્ન આવે છે. તેથી તમારે મારૂં કર્તવ્ય તમને સજાગ કરવાનું છે. બાકી તમારી મરજી.' શ્રોતાઓ કેટલાક શરમ ના માર્યા અને કેટલાક ધાર્મિક ભાવનાને કારણે દસ દિવસમાંથી પાંચ-છ દિવસ આવે એટલે મહારાજનો ઉદ્દેશ પુરો થઈ જાય. અમુક બીજા કથા વાચકો એ મહારાજ સાથે સ્પર્ધા કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ બધા ને પણ તેમણે એટલી જ કુશળતા પૂર્વક હટાવી દીધા. જે રીતે કોઈ કંપની પોતાના કાર્યક્ષેત્રમાં બીજી કંપનીને વિકસવા નથી દેતી.

શિવરામ મહારાજ ભલે ઘેર હોય કે બહાર પણ કયારેક એ ભૂલતાં નહીં કે પોતે એક વેપારી છે. ધર્મ કે ભક્તિનો માલ વેચવાનો વ્યવસાય કરે છે. તેથી તેમનો પહેરવેશ - રહેણીકરણી અને વાતચીત કરવાની છટા એવી પ્રભાવશાળી અને મોહક રાખતા કે જેથી સીધા સાદા લોકો તેમને 'બહુ મોટા ભક્ત' સમજતા. તેથી જ તેમના શ્રધ્ધાળુઓની સંખ્યામાં દિન પ્રતિદિન વૃધ્ધિ થઈ રહી હતી. તે દિસવમાં બે વખત કથાવાચન કરતા હતા. સવારે નવ વાગ્યાથી બાર વાગ્યા સુધી અને સાંજે ત્રણ વાગ્યાથી છ વાગ્યા સુધી. આ સમયે ગામડાંની સ્ત્રીઓ ઘર કામમાં નવરી હોય તેથી મહારાજે બહુ જ સમજી વિચારીને આ સમય પસંદ કર્યો હતો.

આજે જયારે કથા પૂરી થઈ લોકો પોત પોતાના ઘેર જતા રહ્યાં ત્યારે ફૂરસત મળતાં મહારાજ અને સરપંચ ઘર સંસારની વાતો કરવા લાગ્યા. સરપંચ મહારાજને પોતાની આગામી યોજનાઓ સમજાવતા હતા. ત્યાં બહેચરભાઈ અને બીજા બે-ત્રણ માણસો આવ્યા. સરપંચે તેમને બેસવાનો ઈશારો કર્યો. પરંતુ એ લોકો ખુરશીઓમાં ન બેસતાં જમીન પર બેઠાં. બહેચર બોલ્યો. 'સરપંચ સાહેબ અમે મહારાજની સામે ખુરશી કે ખાટલામાં નહીં બેસીએ.' અમને તો એમ થાય છે કે મહારાજનાં ચરણ પકડી લઈએ. પણ શું કરીએ? અમે અછૂત છીએ. તમને અડકી જવાથી અમને પાપ લાગશે.' એટલું કહીને બહેચરદાસે મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યાં. મહારાજ એકદમ ઉભા થઈ ગયા અને બહેચરને બે હાથ પકડી ઊભો કર્યો અને બોલ્યાં. 'બહેચરભાઈ ભગવાન તો પ્રેમના ભૂખ્યા છે. જાતિ બાતિ તો દુનિયાદારીની વાતો છે. શુદ્ર પણ ભગવાનના ચરણોમાંથી જ પેદા થયા છે. તે પણ તેના વંશજ છે. ભગવાન રામે નિષાદરાજને ભરત સમાન ભાઈ ગણાવેલો અને શબરીના એંઠા બોર ખાધેલાં. તમે આવું બોલીને મને શરમમાં ન નાંખો. મારા માટે શું આજ્ઞા છે, બોલો?'

બહેચરની સાથે આવેલા લોકો હાથ જોડીને ઊભા રહ્યા. તેમના ચહેરા પર હીનતાના ભાવો હતા. મહારાજની આવી વાતોથી તેમનામાં થોડી હિંમત આવી એટલે બહેચર બોલ્યો. 'મહારાજ નાના મોઢે મોટી વાત છે. અમે કદાચ તેને લાયક નથી. કે તમને અમારા ઘેર પધારવાનું આમંત્રણ આપીએ. કયાં રાજા ભોજ ને કયાં ગંગુ તેલી. તમારી જો મહેરબાની થઈ જાય તો અમ પાપીઓને મુક્તિ મળી જાય. અમારા ભાઈઓ અને મહોલ્લામાં આવીને કથા સંભળાવો. આજે બપોર પછી તમે આવી શકો તો બહુ મહેરબાની થશે.'

અત્યાર સુધી સરપંચ એ ચિંતામાં હતા કે બહેચર તેના ત્રણ-ચાર સાથીદારોને લઈને કેમ આવ્યો છે? પણ જયારે તેની વાત સાંભળી તો એ રાજી થયા. તેમને ખબર હતી કે ગયા વખતે ચૂંટણીમાં બહેચર તેના સામે વાળા હરીફ સામે બહુ થોડા વૉટથી જીત્યો હતો. તે પણ નકલી વૉટથી. જો ઈમાનદારી પૂર્વક બધું થાત તો બહેચર હારી જાત. તેમને સમજણ પડી ગયેલી કે બહેચર આ મોકાનો ફાયદો ઉઠાવવા માંગે છે. એ તેમનો જ માણસ હતો. તે સક્ષમ બને એ જરૂરી હતું કેમ કે એ પહેલાં તે બોલ્યા. 'બહેચરભાઈ સારા કામમાં પૂછવાનું શું, ભગવાનનું નામ ગમે ત્યાં લઈએ તેનાથી સૌનું ભલું જ થાય છે. ભગવાનનું નામ ગમે ત્યાં લઈએ તેનાથી સૌનું ભલું જ થાય છે. ભગવાનની કથા તો નશીબદારના ઘેર થાય. રામ નામ મનુષ્યને ભવસાગર પાર ઉતારે છે. રામ નામ તો પ્રભાવ ખાલી જતો નથી. તમારા મહોલ્લામાં શું કામ? તમારા ઘરના ઓટલે મહારાજની પધરામણી કરાવો. શામિયાણો, શેતરંજીઓ અને બીજી જે કંઈ ચીજવસ્તુઓ જોઈએ તે અહીંથી લઈ જજો. ચિંતા કરવાની જરૂર નથી. આંજે સાંજે કથા તમારા ઘેર જ થશે. હું પશાયતાને કહીને ગામમાં જાહેરાત કરાવી દઉં છું.'

બહેચરના ઘર આગળ મંડપ બંધાઈ ગયો. શેતરંજીઓ પથરાઈ. ઊંચા ઓટલા પર મહારાજનું આસન લગાવવામાં આવ્યું. માઈકની વ્યવસ્થા પણ થઈ ગઈ. બહેચરે આગતુકો માટે ચ્હાં, નાસ્તાની અલગ વ્યવસ્થા કરાવી દીધી. ચ્હા-નાસ્તો લોકો સુધી પહોંચાડવા માટે સરપંચના માણસો હતા. બહેચરના ઘેર આટલો જલ્દી અને આટલી સરસ વ્યવસ્થા જોઈ લોકોને નવાઈ લાગી. નક્કી થયેલા સમયે મહારાજ આવીને આસન પર બિરાજમાન થયા. તેમણે સૌથી પહેલાં હાથ જોડીને સૌને રામ રામ કર્યાં. પછી અગરબત્તી સળગાવી. ગણપતિ અને સરસ્વતીની વંદના પછી તેમને આજે 'કૃષ્ણ સુદામા કથા' નો આરંભ કર્યો. મહારાજ પહેલા ગાય પછી તે પંક્તિના એક એક શબ્દની વ્યાખ્યા કરી સમજાવે. શ્રીકૃષ્ણ અને સુદામા બચપણમાં સાથે ભણતા, ગુરૂજીની ગાયો ચરાવતાં, ગુરૂજીના આશ્રમમાં સાથે સાથે રમતાં એ રીતે મિત્રતા થઈ પરંતુ વિદ્યાભ્યાસ પુરો થતાં બંને પોતપોતાનાં ઘેર ગયા. શ્રીકૃષ્ણ તો દ્વારકાધીશ બન્યા જયારે સુદારા ગરીબી સામે સંઘર્ષ કરે છે. સુદામાની અત્યંત ગરીબીનું વર્ણન પછી એ દ્વારિકા પહોંચે છે. શ્રીકૃષ્ણને પોતાના આગમનની જાણ કરે છે. ત્યારે શ્રીકૃષ્ણ ઉઘાડા પગે તેને મળવા દોડે છે. સુદામાના પગ ધુવે છે. સત્યભામા અને રૂકમણી તેમને ચમર ઢોળે છે. ત્રણ મુઠ્ઠી તાંદુલનો પ્રસંગ મહારાજે એવા મધુર સ્વરમાં ભાવવિભોર થઈ રજૂ કર્યો અને પછી તેને સમજાવ્યો પણ એટલી સરસ રીતે કે ભલભલા પથ્થર દિલ પણ પીગળી જાય. મહારાજ આજે એટલા ધ્યાનથી કથા સંભળાવતા હતા કે મંડપમાં એકદમ શાંતિ પ્રસરી ગઈ હતી. સ્ત્રીઓ હિબકાં ભરી રહી હતી. એવું લાગતું હતું કે જાણે મહારાજના મુખેથી કરૂણ રસની વર્ષા થઈ રહી હતી. આજની કથાની એક વિશેષતા એ પણ હતી કે રોજની જેમ આજે મહારાજે દાનના મહિમાની વાત કરી નહોતી કે પાપ પુણ્ય અને સ્વર્ગ નર્ક બાબતમાં પણ કંઈ કરવું ન હતું. આજે માત્ર વિશુધ્ધ કથા જ રજૂ થઈ રહી હતી.

સરપંચ મંગળભાઈ આજે કથા સાંભળીને એટલા ખુશ થયા કે તેમણે પાંચસોની નોટ કાઢીને એકદમ મહારાજની પોથી ઉપર મુકી દીધી. પછી તો વાત જ શું કરવી. દાન કરનારાંઓની લાઈન લાગી ગઈ. પૈસા ચડાવવાની જાણે કે લોકોમાં હોડ લાગી ગઈ. સ્ત્રીઓ વસ્ત્રો પણ ચડાવતી હતી. કહેવાનો મતલબ એ કે આજે જે કોઈ કથા સાંભળવા આવેલા તે કંઈ ને કંઈ ધરાવીને ગયા. કથા ચાલુ હતી. ભાવિકો અને ધર્મપ્રેમી લોકો મહારાજે જોયું કે તેમનો મોટો દીકરો ઉમીયાશંકર તેમની તરફ આવી રહ્યો છે. તેમની પાસે આવી ચરણસ્પર્શ કર્યા અને ત્યાં જ બેસી ગયો. આજ સુધીમાં કયારેય ઉમીયાશંકર આ રીતે ગામડે તેમની પાસે આવ્યો ન હતો. તેને જોઈને મહારાજને મનમાં ઉચાટ થયો. તેમને થોડી ચિંતા પણ થઈ. તે જરા વિચલિત થયા પણ પછી પોતાની જાતને સંભાળી લીધી. કથા પુરી તો કરવી પડે. જેમ તેમ આરતી કરાવી અને પોતાનો સામાન ભેગો કરવા લાગ્યા. તો ઉમીયાશંકર પણ તેમની પાસે આવી મદદ કરવા લાગ્યો. લોકો મહારાજ પાસે આવી તેમને ચરણ સ્પર્શ કરતા હતા. તે સૌ ને આશીર્વાદ આપતા હતા. બહેચરે કપડાંની જોડ અને એકસો એકાવન રૂપિયા તેમની સામે ધર્યાં અને બે હાથ જોડી ઊભો રહ્યો અને બોલ્યો, 'અમ ગરીબો પર તમે કૃપા કરી. શું કહું. મારી પાસે તો કંઈ નથી.'

બહેચરના ખભા પર હાથ મુકી મહારાજે કહ્યું, 'બહેચર ભગવાન ભાવના ભૂખ્યા હોય છે. તે કીડીથી લઈને હાથી સુધી દરેક જીવ-જંતુનું પાલન કરે છે. આપણે તેના હાથમાં રમકડાં છીએ. તે ઘણું કર્યું.' એટલું કહીને બધો સામાન સરપંચને ઘેર પહોંચાડવાની તાકીદ કરી તે ચાલી નીકળ્યા. તે જેટલાં બને તેટલાં જલ્દી સરપંચને ઘેર પહોંચી એકાંતમાં ઉમીયાશંકર સાથે વાત કરવા માગતા હતા.

(અનુસંધાન પાના નં. ૪ પર)

# પબ્લિક ડિમાન્ડ... બોસ, સચિને હવે જવું જ જોઇએ..!!

## નિવૃત્તિનાં ભયનાં ઓથાર નીચે રમતાં સચિનનાં, બેટ અને પેટ વચ્ચે બાકોરૂં પડતાં સ્ટમ્પ આળોટવાં માંડે છે

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

આજે નાગપુર ટેસ્ટ ડ્રોમાં પરિણામી અને ભારતે ઘર આંગણે અંગ્રેજો સામે ટેસ્ટ સિરીઝ ગુમાવી નાક કપાવ્યું અને દોષનો ટોપલો આવ્યો માસ્ટર બ્લાસ્ટર પર... વધુ ટેસ્ટ પતી ગઈ અને સચિન તેંડુલકર નિષ્ફળ ગયો!

આપણાં આ સચિનને થયું છે શું? કશી ખબર પડતી નથી, છેલ્લી કેટલીયે ટેસ્ટમાં સેન્ચુરી બનાવી નથી અને મીડિયાવાળા તો ટાંપીને બેટા જ છે એના પર કૉમેન્ટ કરવાં. જેમણે કયારેય હાથમાં બેટ પકડી નથી એવાં પાછા તો સદી ફટકારનારાં સચિનને નિવૃત્તિની સલાહ આપવા ઉતરી પડશે... સચિનના ચાહકે વૉટિંગ કરીને આવીને રાજકારણને પડતું મુકી ક્રિકેટની ચર્ચામાં પોતાનો બળાપો કાઢ્યો... સચિન અને ક્રિકેટ એ તો ટાઈમપાસ ચર્ચા માટેનો શ્રેષ્ઠ વિષય રહ્યો છે! એટલે એકવાર આ વાત છેડાય એટલે દરેક ટોળામાં સામેલ મિત્રો ઉત્સાહથી ઉતરી પડે...

અરે ભાઈ, રાહુલ - આ જુઓ તમને બધાને ઉકળાટ કે બળાપો સચિન પર કેમ થાય છે? ખબર છે, તમે છે આ ક્રિકેટરોને દેવ બનાવો છો અને પછી એમનાં વિશે કંઈ બોલાય એટલે તમને ગમે જ નહીં, જેમ નરેન્દ્ર મોદી વિશે કોઈ આડું અવળું બોલે તો આપણને ગમતું નથી ને એમ જ. ડાબા હાથની આંગળી પર તાજું જ ચૂંટણીનું નિશાન કરીને આવેલાં શર્મા કાકાએ ડહાપણની વાત કરી!!

જુઓ, સચિને ગઈ કેટલીય મેચમાં સદી ફટકારી નથી, એકાદ વર્ષ પણ થવાં આવ્યું એટલે એના પર ટીકાઓનો મારો ચાલ્યો છે. કેમ ખબર છે? કારણ સચિન મેદાન પર ઉતરે એટલે આપણે દરેક વખતે સેન્ચુરી જ મારે એવી અપેક્ષા રાખીએ છીએ, એનાથી ઓછું કાંઈ ખપતું નથી. એ કાં ભગવાન નથી કે પ્રત્યેક મેચમાં આવીને સેન્ચુરી જ મારે, એટલે જયાં સુધી આપણે આપણી માનસિકતા નહીં બદલીએ ત્યાં સુધી આવું જ રહેવાનું. જો ને આ વખતે ચૂંટણી પ્રચારમાંય એવું જ થયું ને 'ઘરનું ઘર' અને 'દશા બદલીએ દિશા બદલીએ' ની જેમ લોકોએ માનસિકતા બદલવાની ચાલુ કરી એમાં કેટલાંકની દૂર્દશા બેસી ગઈ... આંખ મિચકારીને પંડ્યાજી બોલ્યાં...

જરા મારી વાત સાંભળો, સચિન એક મહાન ખેલાડી હોવા છતાંય એણે યુવા ખેલાડી માટે હવે તો રિટાયર થવું જ જોઈએ. એ જયારે ક્રિકેટમાં પ્રવેશેલો ત્યારે એની જેમ જ બધાં ચોંટેલાં રહેત તો આ ભાઈને ટીમમાં પ્રવશ એની મળ્યો હોત? આજે ચૂંટણી થઈ બે-ચાર દિવસમાં પરિણામ આવશે એટલે સચિનની જેમ જ પરફોર્મન્સ વગર ખેંચે રાખનારાં કે પછી નવાં તક આપવાની? મમતાબેને પાછો નવો મધપુડો છંછેડ્યો...

મમતાબેન, એવું નથી હોં. સચીન રમે છે તોય નવાં પ્લેયર્સ ટીમમાં આવે જ છે. પૂજારા આવ્યો કે નહીં? અને મને એમ કહો કે, ૨૦-૨૦ના જમાનામાં કયો પ્લેયર આ સચિનની જગ્યા લઈ શકે અને બે દિવસ ટકીને ઊભો રહી શકે એવો છે? રહાણે, જાડેજા, રોહિત શર્મા, રૈના, તિવારી જેવા દરેકને તક મળી જ છે, પણ તેઓ કયાં વ્યવસ્થિત રમ્યાં છે? અને આમને તક આપવા સચિનને રિટાયર કરવાની કયાં જરૂર છે. પેલો ધોની ગઈ કાલની ઈનિંગને બાદ કરીએ તો શું ઉકાળી શક્યો છે? અને પાછો હારવા છતાંય હું કેપ્ટન પદ નહીં છોડું એવું કહે છે, એને કંઈક કહોને એવો શાબ્દિક વાર કરીને રાહુલે સચિનને સૅફ કર્યો, જેમ નરેન્દ્ર મોદીનાં વિકાસની વાતોથી એમને સેફ કરાય છે એમ જ!!



જો રાહુલ તું ભલે સચિનનો ભક્ત હોય પણ એટલો તો વિચાર કર કે સચિન ૨૩ વર્ષથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમે છે. હવે એ થાક્યો છે. એનાં બેટ અને પેડ વચ્ચે બાકોરૂં પડ્યું છે અને બોલરો એને ટાર્ગેટ કરતાં એનાં સ્ટમ્પ આળોટવા લાગે છે. એ ઝડપથી હવે મુવમેન્ટ કરતો નથી અને મોટા ફટકા મારી શકતો નથી. દ્રવિડે આ બધી બાબતોનો વિચાર કરી નિવૃત્તિ લીધી કે નહીં? જો દ્રવિડે જગ્યા ખાલી ના કરી હોત તો પૂજારાને તક મળી હોત? સચિન ગ્રેટ પ્લેયર છે એ નિર્વિવાદ છે પણ કોઈનાં કહેવાથી, ટીકા કરવાથી, દબાણ સર્જાવાની જગ્યાએ જાતે જ નિવૃત્તિનો નિર્ણય લીધેલો કયારેય હિતાવહ રહેશે... પંડ્યાજીએ અનુભવીની અદાથી સમજાવ્યું, અને છેલ્લે ટકોર કરતાં ગયાં કેશુબાપાએ પરિવર્તનનું બેટ તો વિંઝ્યું પણ એતો ઉભાય રહી શકતાં નથી, બાપાએ શાંતિ રાખી હોત ને તો કદાચ પરિવર્તન વહેલું આવ્યું હોત!!

સચિને જે નામ કમાવ્યું છે ને એ એવું જ રહેશે. અને જો તે આમ જ રમતો રહેશો તે એક સમય એવો આવશે કે સિલેકશન કમિટી એને કહી દેશે કે હવે ઘણં થયું અને આવી પરિસ્થિતિ સચિન પર આવે એ સારૂં નહીં આવું મમતાબેનનું માનવું હતું.

(અનુસંધાન પાના નં. ૪ પર)

# જિંદગીની સાથે સાથે જ મરણ પણ પગેરૂં દબાવતું પાછળ પાછળ આવતું જ જાય છે, ગમે તેટલી આધુનિક સારવાર પછી પણ જિંદગીને લંબાવી શકાય છે, મરણને ટાળી શકાતું નથી

## પારિજાત

- રેખા ભટ્ટ

મરમની ઠેસ વાગશે તો શું થશે જલન?

જિંદગીની ઠેસની હજુ કળ વળી નથી.

**- જલન માતરી**

'મરણ' - કાના માતર વગરનો સાદો શબ્દ ભલભલો હમચમાવી નાખવા માટે પૂરતો છે.

પગની ઠેસથી હીંચકો ઝૂલાવતા - ઝૂલતાં પસાર થતી જિંદગી હોય કે અચાનક ઠેસ વાગી ગઇ હોય તેવી જિંદગી હોય -

મજાની કે ત્રાસદાયક ગમે તેવી હોય તેનો અંત નિશ્ચિત છે. અને યુધિષ્ઠિરને પૂછાયેલા પક્ષ પ્રશ્ન આપણે સૌ જાણીએ છીએ કે "સૌથી મોટું આશ્ચર્ય કયું છે? ત્યારે યુધિષ્ઠિર જવાબ આપે છે કે 'મૃત્યુ નિશ્ચિત હોવા છતાં સૌ કોઇ પોતે અમર હોય તેમ વર્તે છે. એ વાત સૌથી મોટું આશ્ચર્ય છે."

કોઇનાં પણ મરણના સમાચાર કાને પડે છે ત્યારે મનોમન આપણી પ્રતિક્રિયા એ જ હોય છે કે તો એમનું મરણ થયું છે - આપણે તો હજુ જીવતા છીએ. ગમે તેટલો મોટો આઘાત કેમ ન હોય? માણસ આશ્વાસન મેળવી લે છે. અને ઘા જીરવી જાય છે. ગમે તે સંજોગોમાં પણ પોતે જીવતા હોવું એ મોટામાં મોટી ઘટના છે.

આપણી આસપાસ રહેતી દરેક વ્યક્તિ જાણે ફિલોસોફર હોય અને બધું સાહિત્ય-અધ્યાત્મ-ધર્મ-ચિંતન ઘોળીને પી ગયા હોય તેવી ઠાવકાઇથી વાતો કરે છે કે, "સાથે કોઇ સોય પણ લઇ જઇ શકતું નથી કે ખાલી હાથે જવાનનું છે" કે "ઉપરવાળાનો ડર રાખીને જીવવું જોઇએ કેમ કે, છેવટે તો એને જવાબ આપવો પડવાનો છે." એવું બધું કેટલું ચે! પણ જાતે અમલમાં કરવાનો હોય ત્યારે આપણે આમાનું કશું સ્પર્શતું નથી. એ વખતે આ બધું 'દર્શન' અભેરાઇ પર ચડી જાય છે અને રહી જાય છે માત્ર અને માત્ર સ્વાર્થ.

મહાભારતનું પાત્ર ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ છે. એ જાણે કે આપણા સૌનાં માનસનું પ્રતિબિંબ છે. જેમાં પોતાના કે પોતાના પુત્રોનાં હિત સામે સ્વાર્થવૃત્તિ જીતી જાય છે અને ધર્મદૃષ્ટિ હારી જાય છે. પોતાના અધર્મ આચરણ ને સમજ્યા છતાં ધૃતરાષ્ટ્ર કે દુર્યોધન પાછા વળી શકતા નથી અને આખું મહાભારત સર્જાય છે.

મરણ એટલે અજ્ઞાતમાં પ્રવેશ. મરણ પછીની આત્માની ગતિ માટે જાત જાતની કલ્પનાઓ છે. જેમાં ફરી જન્મ લઇ શકાશે એવું આશ્વાસન છે. મોક્ષ થઇ જશે અને સ્વર્ગમાં રહેવાશે એવું પ્રલોભન છે. સ્વર્ગમાં ઇન્દ્રના દરબારમાં અપ્સરાઓનાં નૃત્યો માણવાની લાલચ છે. અથવા ભયંકર યાતનામાંથી પસાર થવાનો ડર બતાવાય છે. પણ એ બધી જીવતા માણસોએ કરેલી વાતો. કેમ કે, મરીને પછી ત્યાંની વાતો કહેવા કોઇ પાછું આવતું નથી. એટલે જે કંઇ સાંભળવા - વાંચવા મળે તે તેમ તેમનું પોતાનું ચિંતન. એમ કરીને પણ ડરથી કે લાલચથી - કોઇ રીતે તો માણસ કયાંક અટકે! પણ એવું બનતું નથી - આપણે જીવતેજીવ તો એશ આરામ ભોગવીએ છીએ. મરણ પછી પણ એ મળે એવી આશા રાખીએ છીએ. એટલે બને છે પિરામીડ. કહેવાય છે કે મરનાર રાજા-રાણીની સેવા કરનારા નોકરોને પણ પિરામીડમાં બીજા બધા અસબાબની સાથે જીવતા ચણી લેવામાં આવતા. મૃત્યુ પામેલા રાજા કે રાણીની સેવા માટે. હવે આનાથી મોટી લાલસાની કઇ હદ હોઇ શકે?

જિંદગીની સાથે સાથે જ મરણ પણ પગેરૂં દબાવતું પાછળ પાછળ આવતું જ જાય છે. ગમે તેટલી આધુનિક સારવાર પછી પણ જિંદગીને લંબાવી શકાય છે, મરણને ટાળી શકાતું નથી.

આને લગતી એક સરસ વાર્તા છે કે એક શેઠના નોકરને બજારમાં જતી વખતે પોતાનું મોત આસપાસમાં જ ફરતું દેખાયું એટલે ગભરાઇને દોડતો દોડતો ઘરે પાછો આવી શેઠ પાસેથી રજા લઇને પોતાના વતનમાં જવા નીકળી જાય છે. જેથી મોતને હાથતાળી દઇ શકાય.

દરમિયાન મોત શેઠનાં ઘરે જઇ નોકર વિષે પૂછપરછ કરતાં જાણે છે કે નોકર તો વતનમાં જતો રહ્યો છે. આ સાંભળીને મોત રાહતનો દમ ખેંચે છે અને બોલે છે, "હાશ, સારૂં કર્યું એણે! તમારા નોકરનું મોત વતનમાં હોવા છતાં બજારમાં એને ફરતો જોઇને મને થોડી ચિંતા થઇ હતી."

એટલે જેમ જેમ દિવસો પસાર થતા જાય તેમ આપણે સૌ ધીમે ધીમે મરણ તરફ ગઇ કરી રહ્યા છીએ. ત્યારે જિંદગીની એક એક ક્ષણને સુંદર - જીવવા જેવી બનાવીએ.

**"Life is given to us,**
**we earn it by giving it"**
**- "Rabindranath Tagor"**

## આજના દિવસનો મહિમા


- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૯મી ડિસેમ્બર


- ગુજરાતના પહેલી પંક્તિના ઉદ્યોગપતિ શેઠ કસ્તુરભાઇ ઉદ્યોગપતિ. શેઠ કસ્તુરભાઇ લાલભાઇની જન્મજયંતિ.

કસ્તુરભાઇ ગ્રુપ ઇન્ડસ્ટ્રીઝ, અનિલ સ્ટાર્ચ, અતુલ પ્રોડકટના સ્થાપક. લાલભાઇ દલપતભાઇ પ્રાચ્ય વિદ્યામંદિરના સ્થાપક. ૧૯૫૭-૧૯૬૦ રિઝર્વ બેન્કના ડાયરેકટર રહ્યા.

- ૧૯૬૧ - દીવ અને દમણ પોર્ટુગલ સત્તા પાસેથી ભારતે મુક્ત કર્યા.



- ૧૭૯૭ - ઉત્તર ધ્રુવના શોધક સાહસ સફરી - સર વિલિયમ પેરીનો જન્મ.



- ૧૯૨૭ - પ્રખ્યાત હકીમ અજમલખાંનુ અવસાન.
- અંગ્રેજ લેખિકા એમિલી બ્રોન્ટેનું અવસાન - ૧૮૪૮.
- ૧૯૭૮ - ભારતમાં આજ સુધી જળવાયેલી સૌ પહેલી ઉલ્કા જે વારાણસી ખાતે પડી હતી.